ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૦૫/૧૮-૧૯/ 4105 તારીખ: 14 SEP 2018

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી લવજીભાઈ ટપુભાઈ મકવાણા,
મુ.પો.આદમપુર, પોસ્ટ : ઘેટી,
આદમપુર, તા.પાલીતાણા.
જી.ભાવનગર- ૩૬૪ ૨૬૫.

**કેસ નં.: ૦૫/૧૮-૧૯**

**વિષયઃ નવા ખેતીવાડી કનેકશનના બાબત.**

**સંદર્ભ:** (૧) આપનો પત્ર તા.૦૨-૦૪-૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫/૧૮-૧૯/૧૫૩૦ તા.૦૬/૦૪/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫/૧૮-૧૯/૩૮૩૩ તા.૨૮/૦૮/૨૦૧૮.

**શ્રીમાન,**

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૭/૦૯/૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી. સોલંકી)
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ઘોડીઢાળ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**<u>કેઈસ નંબર – ૦૫/૧૮–૧૯</u>**

વાદી :– **શ્રી લવજીભાઈ ટપુભાઈ મકવાણા**

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**<u>રજૂઆતની તારીખ</u>:– ૦૭/૦૯/૨૦૧૮**

હાજર રહયા :– **શ્રી મકવાણા રાજુભાઈ લવજીભાઈ (વાદીશ્રીના પુત્ર)**

**પ્રતિવાદી** :– શ્રી જે.એસ.પરમાર, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

**શ્રી** લવજીભાઈ ટપુભાઈ મકવાણા, મુ.પો.આદમપુર, પોસ્ટઃ ઘેટી, તા.પાલીતાણા, જી.ભાવનગર ની નવા ખેતીવાડી કનેકશનના બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૫ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૦૫/ ૧૮–૧૯/ ૧૫૩૦ તા.૦૬/૦૪/૨૦૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૭/૦૯/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી વતી તેમના પુત્ર શ્રી મકવાણા રાજુભાઈ લવજીભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી જે.એસ.પરમાર, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

**<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમોએ ગામ.આદપુરના સર્વે નંબર ૧૨૭ પૈકીમાં ખેતીવાડી સોલાર કનેક્શન પંપ માટે તારીખ ૧૦.૦૮.૨૦૧૬ ના રોજ પહોચ નંબર ૫૧૫૦૨૩ થી રૂપિયા ૨૪,૦૦૦/- ભરી માંગણી કરેલ.

૧.૨ આજ દિન સુધી અમોને સદર કનેક્શન મળેલ નથી. અમો વચ્ચેના સમય દરમિયાન અવાર નવાર ઘોડીઢાળ પેટા વિભાગીય કચેરીનો સંપર્ક કરેલ પરંતુ ફરજ પરના અધિકારી સાહેબ અમોને કહેતા થોડી વાર લાગશે તમો વારામાં છો. પરંતુ તારીખ ૨૯.૦૧.૨૦૧૮ ના રોજ અમોએ લેખિત રજૂઆત કરી જેની નકલ આ સાથે સામેલ છે.

Consumer Grievance Redressal Forum P.G V.C.L. Bhavnagar

..❷..

૧.૩ ત્યાર બાદ તારીખ ૨૩.૦૨.૨૦૧૮ ના રોજ ઘોડીઢાળ પેટા વિભાગીય કચેરીએ અમોને પત્ર દ્વારા જાણ કરેલ કે અમારી જમીન ૧ એકર કરતા ઓછી છે તેથી તમોને સદર કનેક્શન મળવા પાત્ર નથી.

૧.૪ આપ સાહેબને વિનંતી છે કે ૧ વર્ષ ૧૦ માસ સુધી અમોના રૂપિયા તેમજ અવાર નવાર અમોના ધર્મ ધક્કા ખવડાવી અમારી સાથે પી.જી.વી.સી.એલ કચેરીએ છેતરપિંડી કરેલ છે.

☛ **પ્રતિવાદીશ્રીની રજુઆતઃ- તેમની રજુઆત છે કે,**

૨.૧ વાદીશ્રી લવજીભાઈ ટપુભાઈ મકવાણા ગામઃ આદપુરના સર્વે નંબર ૧૨૭ માં નોર્મલ ખેતીવાડી વીજ જોડાણ ૭.૫ હો.પા. માટે તારીખ ૨૫.૦૪.૨૦૧૩ ના રોજ અરજી કરેલ જેને સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટ ઉપલબ્ધ કરવાની યોજના અંતર્ગત તબદીલ કરી તારીખ ૩૧.૦૮.૨૦૧૫ ના રોજ પહોંચ નંબર ૨૮૭૨૦૪ થી રૂપિયા ૧૦૦૦/- ભરપાઈ કરી અરજી કરેલ છે.

૨.૨ ઘોડીઢાળ પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર જી.ડી.એસ./ટેક/આર.ઈ/૩૯૨૬ તારીખ ૧૨.૦૭.૨૦૧૬ ના રોજ વાદીશ્રી લવજીભાઈ ટપુભાઈ મકવાણાને સોલાર પંપ માટે ભાવપત્રક આપવામાં આવેલ જેના અનુસંધાનમાં તારીખ ૧૦.૦૮.૨૦૧૬ ના રોજ પહોચ નંબર ૫૧૫૦૨૩ થી રૂપિયા ૨૪,૦૦૦/- ભરપાઈ થયેલ છે

૨.૩ સર્વે નંબર ૧૨૭ માં સોલાર કનેકશન માંગેલ તે જમીનનું ક્ષેત્રફળ ૦-૩૭-૪૩ હે. આરે. ચોમી છે. જે ૦.૯૨ એકર થાય છે. અને વધુમાં વાદીના અન્ય સર્વે નંબર ૪ પૈકી ૧ છે જે અરજી કરેલ સર્વે નંબર ૧૨૭ થી દુર છે જેનું સ્થળ રોજકામ તારીખ ૧૨.૦૪.૨૦૧૮ ના રોજ ઘોડીઢાળ પેટા વિભાગીય કચેરી દ્વારા લવજીભાઈ ટપુભાઈના દીકરા રાજુભાઈ લવજીભાઈને સ્થળ પર રૂબરૂ સાથે રાખીને કરેલ છે. સ્થળ રોજકામની નકલ આ સાથે સામેલ છે.

૨.૪ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડના પરીપત્ર નંબર Guvnl/Tech/AKF/Solar/1009 Dt.30.05.2016 મુજબ ૧ (એક) એકર કરતા ઓછી જમીન હોવાથી આ ખેતીવાડી સોલાર કનેક્શન મળવા પાત્ર નથી. જેના અહેવાલ રિપોર્ટ આ સાથે સામેલ છે.

૨.૫ આ સોલાર કનેક્શન માટે ગ્રાહક દ્વારા ભરપાઈ કરવામાં આવેલ રકમ પરત કરવા અંગે કોઈ લેખિત અરજી કરેલ નથી. ગ્રાહક દ્વારા લેખિત અરજી આપવામાં આવ્યે તે રકમ પરત કરવા અંગે કંપનીના નિયમ અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

☛ **ફોરમનું તારણ** :- વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શ્રી લવજીભાઈ ટપુભાઈ મકવાણા એ ગામઃ આદપુર ના સ.નં.૧૨૭ માં ૭.૫ હો.પા. નાં કનેકશન માટે તા.૨૪-૩-૧૩ ના રોજ ખેતીવાડી વીજ જોડાણની અરજી કરેલ. જે અરજી ને તા.૩૧-૮-૧૫ ના રોજ ખેતીવાડી વીજ જોડાણની અરજી કરેલ જે અરજીને તા.૩૧-૦૮-૧૫ ના રોજ રૂા.૧૦૦૦/- ભરી ને ૫ હો.પા. ના સૌર ઉર્જા સંચાલીત સીચાઈ પંપસેટ માટેની યોજના હેઠળ તબદીલ કરાવેલ.

૩.૨ પ્રતિવાદી ધ્વારા સૌર ઉર્જા સંચાલીત સીચાઈ પંપ યોજના હેઠળ વાદીને તા.૧૨-૭-૧૬ ના રોજ અંદાજપત્ર આપવામાં આવેલ જેની રકમ રૂા.૨૪,૦૦૦/- વાદી ધ્વારા તા.૧૦-૮-૧૬ ના રોજ ભરપાઈ કરી આપેલ.

૩.૩ ત્યારબાદ તા.૧૨-૪-૧૮ ના રોજ પ્રતિવાદી ધ્વારા વાદીના વીજ જોડાણના સ્થળની સ.નં.૧૨૭ નું રોજકામ કરતાં પ્રતિવાદીને માલુમ પડેલ કે વાદીનાં સ.નં.૧૨૭ ની જગ્યા ૦.૯૨ એકર થાય છે એટલે કે ૧ એકરની ઓછી થાય છે જે પરિપત્રમાં ઓછામાં ઓછી જગ્યા ૧ એકર કરતા ઓછી હોઈ પ્રતિવાદી વાદીને વીજ જોડાણ મળી શકે નહી તેવું જણાવેલ છે અને તેથી પ્રતિવાદીએ વાદીને સૌર ઉર્જા યોજના હેઠળ વીજ જોડાણ આપવા માટેની કોઈ કાર્યવાહી કરેલ નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૪ વાદીની ફોરમને મોખીક રજુઆ તેમજ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા મુજબ વાદીની આદપુર ગામમાં તેના પોતાના નામની સ.નં.૪/૧ માં ૨ એકર અને ૨૩ ગુંઠા જમીન છે તો વાદીએ માંગેલ સૌર ઉર્જા યોજના હેઠળ તે વીજ જોડાણ સ.નં.૪/૧ માં આપવા રજુઆત કરેલ છે.

૩.૫ પ્રતિવાદીએ સૌર ઉર્જા સંચાલીત યોજના હેઠળના વડી કચેરીના પરિપત્ર ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

૩.૬ વાદીએ રજુ કરેલ સૌર ઉર્જા યોજના ના પરિપત્રો ને ધ્યાનમાં લેતા માંગેલ વીજ જોડાણનો સ.નં.તબદીલ ન થાય તેવુ કયાંય જણાવેલ નથી. તેમજ પ્રતિવાદીએ વાદીને અંદાજપત્ર આપણા પહેલા વાદીની જગ્યાના દસ્તાવેજી પુરાવાઓ તપાસવાની જરૂર હતી જેથી આવો પ્રશ્ન ઉપસ્થિત થાય નહી.

૩.૭ વાદીએ તેના સૌર ઉર્જા હેઠળના વીજ જોડાણની રકમ રૂ.૨૪,૦૦૦/- ભર્યાને બે વર્ષ પુર્ણ થયા છતાં આ બાબતે કોઈ કાર્યવાહી પ્રતિવાદી ધ્વારા કરવામાં આવી નથી.

૩.૮ ફોરમને જણાય છે કે વાદીનાં વીજ જોડાણ આપવા અંગેની કોઈ કાર્યવાહી પ્રતિવાદી ધ્વારા કરવામાં આવેલ ન હોઈ તો વાદીએ માંગેલ વીજ જોડાણ સં.નં.૪/૧ માં તબદીલ કરી શકાય, જે બાબત ન્યાયીક છે.

**-:: હુકમ ::-**

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં.૩.૭ મુજબ વાદીને સ.નં.૪/૧ મો.સૌર ઉર્જા યોજના હેઠળ ખેતીવાડી વીજ જોડાણ આપવાની તાત્કાલીક કાર્યવાહી પ્રતિવાદીએ કરવી.
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી. એચ. માવાણી)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :-૦૭/૦૯/૨૦૧૮

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar